ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૮/૨૧-૨૨/ 3057 તારીખ : 13 OCT 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ, કેસ નં.૨૮/૨૧-૨૨

**શ્રી રળિયાતબેન ભનુભાઈ ગઢીયા,**
**મું.જામવાળા ગીર,**
**તા.ગીર ગઢડા,**
**જી.ગીર સોમનાથ,**
**મો.નં-૭૦૪૬૮ ૦૦૪૬૫**

**વિષય : વાવાઝોડા દરમ્યાન બંધ થયેલ વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૯/૦૭/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૧-૨૨/૨૧૮૫ તા.૨૬/૦૭/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૧-૨૨/૨૫૧૪ તા.૨૪/૦૮/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૧-૨૨/૨૮૮૧ તા.૨૪/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૫/૧૦/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

11/10/21

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગીર ગઢડા.**

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૨૮/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી રળિયાતબેન ભનુભાઈ ગઢીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૫/૧૦/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી ધીરજલાલ ભનુભાઈ ગઢીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ડી.એમ.દેસાઈ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રળિયાતબેન ભનુભાઈ ગઢીયા, મું.જામવાળા ગીર, તા.ગીર ગઢડા, જી.ગીર સોમનાથ ની વાવાઝોડા દરમ્યાન બંધ થયેલ વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૮/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૧–૨૨/૨૧૮૫ તા.૨૬/૦૭/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૮/૦૯/૨૦૨૧ તથા તા.૦૫/૧૦/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **<u>તા.૦૫/૧૦/૨૦૨૧</u>** ના રોજ વાદી શ્રી રળિયાતબેન ભનુભાઈ ગઢીયા વતી તેમના પુત્ર શ્રી ધીરજલાલ ભનુભાઈ ગઢીયા -હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ડી.એમ.દેસાઈ, નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર નો તોકતે વાવાઝોડા બાદ વિજ પુરવઠો બંધ થયેલ.

૧.૨ વાદીએ મૂળ સ્થાને વિજ પોલ નાંખવાની રજૂઆત કરેલી.

૧.૩ જે વિજ પુરવઠો પૂર્વવત થયેલ નથી. જેને લીધે હાલાકી ભોગવવી પડે છે.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal Forum

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સવિનય ઉપરોક્ત વાદીશ્રી ની રજૂઆત ના અનુસંધાને જણાવવાનું કે, '' તોકતે '' વાવાઝોડા બાદ સદર સ્થળ પર લાઈન કામ કરવા જતા નજીક ના ખેડૂત ખાતેદાર દ્વારા વાંધો લઈ સદર લાઈન કામ અટકાવેલ હતું.

૨.૨ ત્યારબાદ, નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા દ્વારા પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈ ભાનુભાઈ ગઢીયા ની હાજરીમાં સ્થળ પર જઈ વાંધા નું યોગ્ય નિરાકરણ લાવેલ હતું અને ખુલ્લા વાયર ની જગ્યાએ LT AB કેબલ નો એક ગાળો નાંખી કામ પૂર્ણ કરેલ હતું અને જેથી વિજ લાઈન નો મૂળ રૂટ ફેરફાર થયેલ નથી અને આમ તા.૭/૮/૨૦૨૧ ના રોજ ઉપરોક્ત વિજ જોડાણ નો વિજ પુરવઠો પૂર્વવત કરેલ હતો.

૨.૩ આમ, ઉપરોક્ત ફરીયાદ નું નિરાકરણ આવેલ હોય, અરજદારશ્રી તરફથી કોઈ પ્રશ્ન રહેતો નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી રળિયાતબેન ભનુભાઈ ગઢીયા, ગામ–જામવાળા, તા.ગીર ગઢડામાં ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં– ૮૪૫૪૭/૦૦૮૫૨/૩ થી ધરાવે છે. વાદીની ફોરમને રજૂઆત છે કે, '' તોકતે '' વાવાઝોડા દરમ્યાન તેઓની વિજ જોડાણ માટેની લાઈન પડી ગયેલ. ત્યારબાદ, પ્રતિવાદી એ જુદી હયાત લાઈનમાંથી તેઓના ગ્રુપ ને વિજ પુરવઠો ચાલુ કરી આપેલ. પરંતુ, મૂળ જે લાઈન હતી તેમાંથી વિજ પુરવઠો આપેલ નહી.

૩.૨ પ્રતિવાદીએ આજરોજ ફોરમને જણાવેલ કે, વાદીને ટેકનીકલ તેમજ સાઈટ ઉપર ફીઝીબલ હોય તે રીતે બીજી લાઈનમાંથી AB કેબલ નાંખી વિજ પુરવઠો ચાલુ કરી આપેલ.

૩.૩ વાદીએ આજરોજ ફોરમને સુનાવણી દરમ્યાન જણાવેલ છે કે, તેઓનો વિજ પુરવઠો ચાલુ થઈ ગયેલ હોઈ, તેઓની ફરીયાદ રહેતી નથી અને ફરીયાદ નું નિરાકરણ આવી ગયેલ છે.

૩.૪ વાદીની ફરીયાદ નું નિરાકરણ આવી ગયેલ હોય, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ( ગેરહાજર ) | |
| (શ્રીમતી જે.એમ.મેહતા) | (એ.એ.જાડેજા) | (એમ.આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૫/૧૦/૨૦૨૧.